# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**PUBLISHED BY AUTHORITY**

VOL. XXXVIII] MONDAY 28th APRIL, 1997/VAISHAKHA 8, 1919 [No. 16

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART–II** **EXTRAORDINARY**

### AHMEDABAD MUNICIPAL CORPORATION

#### NOTICE

NO. RLS-593 of 1994-95

Urban Development and Urban Housing department, Government of Gujarat have under their Resolution No. SMN/8094/2665/P dated 28-2-97 sanctioned the permanent post and qualification for the post of 'Director of Vigilance' of Ahmedabad Municipal Corporation under Section 51(4) and 457(3)(a) of the B.P.M.C. Act, 1949.

| Post | Qualification & Experience |
| --- | --- |
| Director of Vigilance | A Graduate in Engineering Faculty of any recognised University with ten years experience as Class-I Officer in Municipal Engineering Department. |

Preference will be given to a candidate having experience in Vigilance work.

This qualification come into force on date after published this notice.

(K.S. VARMA)
MUNICIPAL COMMISSIONER
MUNICIPAL CORPORATION
AHMEDABAD

Legal Department,
Municipal Corporation,
Ahmedabad.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

### નોટિસ

નં. આર.એલ.એસ.૫૯૩ સને ૧૯૯૪-૯૫.

મુંબઇ પ્રાંતિય મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૫૧ (૪) તેમજ કલમ -૪૫૭ (૩) (એ) હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં " ડાયરેકટર ઓફ વિજીલન્સ " ની એક જગા કાયમી ધોરણે ઉઘાડવા તથા તે જગ્યાની લાયકાતને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. સમના/૦૯૪/૨૬૬૫/પી તા.૨૮-૨-૯૭ થી મંજૂરી મળેલ છે

| જગ્યાનું નામ | લાયકાતો અને અનુભવ |
|---|---|
| ડાયરેકટર ઓફ વિજીલન્સ | કોઇપણ માન્ય યુનિવર્સીટીના ઇજનેરી શાખાના સ્નાતક તથા મ્યુનિ.એન્જીનીયરીંગ વીભાગના વર્ગ-૧ ના અધિકારી તરીકેનો ૧૦ (દસ) વર્ષનો અનુભવ વીજીલન્સની કામગીરીના અનુભવવાળા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. |

સદરહુ લાયકાત આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

( કે. એસ. વર્મા )
મ્યુનિસિપલ કમીશનર
મ્યુનિસિપલ કોર્પોરેશન,
અમદાવાદ.

લીગલ ખાતુ
મ્યુનિસિપલ કોર્પોરેશન,
અમદાવાદ-૩૮૦૦૦૧

## સુરત મહાનગરપાલિકા

## કતારગામ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૩૫ (કતારગામ) તૈયાર કરવા બાબત

### અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત વિકાસ સત્તા મંડળે તેના તા.૨૭-૧-૮૪ ના ઠરાવ નંબર ૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમો (નગર રચના યોજનાઓ) બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ (પ્રેસીડેન્ટ એકટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાએ નગર નિયોજન સમિતિ ઠરાવ નંબર ૧૩/'૯૭ તા.૨૧-૪-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપી.એસ/૩૫/'૯૭ માં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત - ૩૫ (કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રી, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલી છે.

(સહી) 20/4/97

સુરત
તા.૨૪-૪-૯૭

કમિશનર
સુરત મહાનગરપાલિકા
સુરત

ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૧-૪-૯૭ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

ડાયરેકટર ઓફ પ્લાનિંગશ્રીના તા.૩૧-૩-૯૭ ના પત્ર નં.સીપીસી/૮/૫૩ થી વિદીત થઈ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાની હદમાં કતારગામ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૩૫ (કતારગામ) ને દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૨) મુજબ તૈયાર કરી ઈરાદો જાહેર કરવાનું તેમજ સરકારશ્રીના રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

 ઠરાવ નં.૧૩/૯૭ સર્વાનુમતે મંજુર